સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

તંત્રને યેન-કેન સંબંધો જોડવામાં રસ છે,
ગમે પીડા, વિપક્ષોને પેટ ચોળવામાં રસ છે
ફોડવામાં રસ છે ચાલબાજ શૂરા ચાણક્યને -
થાકી છે 'સુરક્ષા' - આંદોલન તોડવામાં રસ છે...
(ખેડૂત આંદોલનના વિવિધ પાસાં)

હાઈકુ

થાકી ધીરજ -
સળઘે છે સિંદરી -
વાત 'વટ' ની...
(બંને પક્ષે મમત)

કુરુક્ષેત્રમાં
ખેલાય ધર્મ-યુદ્ધ -
સત્ય દ્વિધામાં...
(રાજકીય હિતોનો સંઘર્ષ)

ચિંતન

બુદ્ધિ તતસ્થ ચિદા ભાસાવુભૌ વ્યાપ્નુવતો ઘટમ્ ।
તત્રાજ્ઞાનં નશ્યેત ચ તન્યેત ઘટઃ સ્ફરેત ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

બુદ્ધિ અને બુદ્ધિમાં રહેલો ચિદાભાસ એ બંને એક સાથે ઘટરૂપ પદાર્થ ઉપર વ્યાપ્ત છે, તેમાં બુદ્ધિના યોગથી ઘટ વિષયક અજ્ઞાનનો નાશ થાય છે અને ચિદાભાસના યોગથી ઘટ વિષયક જ્ઞાનનું સ્ફુરણ થાય છે.

પરંતુ આત્માનું જ જ્ઞાન કરવાનું હોય છે ત્યારે બુદ્ધિને કોઈ પણ સહાયક પદાર્થની આવશ્યકતા રહેતી નથી, કેમ કે આત્મા સ્વતઃ પ્રકાશ સ્વરુપ છે અને જ્યારે આનંદ સ્વરુપ આત્મા આત્મજયોતિ વડે પ્રકાશવાન થાય છે ત્યારે જળના મેલનો નાશ કરનારી નિર્મળીની પેઠે બુદ્ધિ પણ સ્વતઃ નષ્ટ થઈ જાય છે. અને શુદ્ધ આત્મસ્વરુપ ભાષિત થાય છે.

પ્રસન્નતા એ સત્વગુણનું, શોક એ રજોગુણનું અને મોહ એ તમોગુણનું સ્વરુપ છે. આ જગતમાં જે જે શમદુન્માદિક ભાવો જોવામાં આવે તે સર્વનો આ ત્રણ ગુણમાં સમાવેસ થાય છે.

સુવિચાર

- 'ભરોસા' રિશ્તે કી સબસે મહેંગી શર્ત હૈ - **શુભમ્ સાન્યાલ**
- પાંડવ - કૌરવ આપણી અંદર જ છે :
  સદ્-અસદ્, શુભ-અશુભ, રાગ-દ્વેષ, પ્રકાશ-અંધકાર - **જીવનપાથેય**
- જેની ભાષામાં સભ્યતા, તેના જીવનમાં ભવ્યતા અને દિવ્યતા - **એસ. ભટ્ટાચાર્ય**
- ઘર ભલે દેવાલય ન બની શકે, 'સ્નેહાલય' તો
  'એક જ ડાળના પંખી' બનાવી શકે ને - **કાજલ ઓઝા વૈદ્ય**
- અંતરનો નાદ એ જ બ્રહ્મનાદ, અંતર ઊઘડે તો રસ્તો ને દિશા જડે - **ધર્મલોક**
- વર્ષ બદલાય છે, માણસ બદલાય છે? આગ્રહો,
  દુરાગ્રહોને પૂર્વાગ્રહોની બસ વોહી રફતાર બઢેંગી - **ભૂપત વડોદરિયા**
- આજનું ઔષધ : તાવને કારણે પરસેવો વધારે થતો હોય ત્યારે સૂંઠ પાઉડરને હળવે હાથે પગના તળિયે લગાડવાથી રાહત મળે છે **(સંકલન : દીપક વી. આશરા)**

બોધકથા

શ્રીરામના જીવનમાં આવતા દુઃખોથી હનુમાનજી ખૂબ દુઃખી રહેતા. પ્રભુના ભક્ત હોવાથી શ્રીરામના જીવનમાં આવતી આફતો એમનાથી જોઈ શકાતી ન હતી. એમણે નક્કી કર્યું કે વિધાતાને મળીને ફરિયાદ કરવી છે કે મારા પ્રભુના નસીબમાં તમે આવા દુઃખો શા માટે લખ્યા છે? હનુમાનજી પહોંચ્યા વિધાતા પાસે અને ગુસ્સામાં વિધાતા સાથે ફરિયાદ કરી. અને ન બોલવાનું ઘણું બધું સંભળાવ્યું. વિધાતાએ જરા પણ વિચલિત થયા વગર હનુમાનજીની દરેક વાત શાંતિથી સાંભળી. હનુમાનજી વારંવાર એક જ ફરિયાદ કરી રહ્યા હતા. 'મારા પ્રભુના ભાગ્ય તમે આવા કેમ લખ્યા?' વિધાતાએ હનુમાનજીને ઉત્તર આપતા કહ્યું, 'હવે આપ મારી વાત સાંભળો. પ્રભુ શ્રીરામના ભાગ્ય લખવાની મારી હેસિયત શું? હું કોણ છું ભગવાનના ભાગ્ય લખનાર? પ્રભુની આજ્ઞા પ્રમાણે મારે ચાલવાનું હોય એના બદલે હું પ્રભુને આજ્ઞા કેમ આપી શકું? ભગવાન શ્રીરામના ભાગ્ય મેં મારી રીતે નથી લખ્યા એમને મારી પાસે લખાવ્યા છે. મેં તો પ્રભુની આજ્ઞા માનીને એમણે જે કહ્યું એમ લખ્યું છે. હવે બોલો મારો શું વાંક??' મર્મ એ છે કે આપણા નસીબ વિધાતાએ નહીં. આપણે પોતે જ લખવાના હોય છે. પણ વાંક હંમેશા વિધાતાનો જ કાઢીએ છીએ. આપણે જેવું ઈચ્છીએ એવું ભવિષ્ય લખવા માટે સમર્થ છીએ. જે પણ સંકલ્પ કરીએ તે સંકલ્પને સાકાર કરવાની શક્તિ આપણી પાસે છે જ. પણ આપણે એ તાકાતને અજમાવતા જ નથી.

સરકાર માટે કૃષિ કાયદો ગળાની ફાંસ

તંત્રીસ્થાનેથી...

ઘણા દિવસોથી કડકડતી ઠંડીમાં દિલ્હીના સીમાડા સીલ કરી નવા કૃષિ કાયદાઓનો વિરોધ કરી રહેલા હરિયાણા અને પંજાબના ખેડૂતો પ્રતિનિધિઓએ સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવી આ કૃષિ કાયદાઓની બંધારણીયતાના મુદ્દે દાદ માગી હતી. મુખ્ય ન્યાયમૂર્તિ બોબડેની અધ્યક્ષતાવાળી ન્યાયપીઠે એ સંદર્ભે જે અવલોકનો કર્યા છે તે સરકાર અને આંદોલનકર્તા ખેડૂતો બેઉને સરખી રીતે ટપારે છે. અદાલતે કહ્યું છે કે અમે હાલત પૂરતા કૃષિ કાયદાઓની બંધારણીય યોગ્યતા વિશે અભિપ્રાય નહીં આપીએ. પ્રથમ અમે ખેડૂતોના આંદોલનના અધિકાર અને નાગરિકોના મુક્ત અવરજવરના અધિકાર વિશે નિર્ણય કરીશું. વળી અમે કેન્દ્ર સરકારને પૂછીશું કે ખેડૂત આંદોલન કેવી રીતે ચાલી રહ્યું છે અને એથી બીજા નાગરિકોના અધિકાર પર વિપરીત અસર ન પહોંચે તે માટે એમાં કોઈ બદલાવ કરી શકાય કે કેમ. સુપ્રીમ કોર્ટે દેશના ખેડૂતોની સ્થિતિ અને માંગણીઓ પ્રત્યે સભાનુભૂતિ વ્યક્ત કરી છે અને ચિંતા દર્શાવી છે. અદાલતે સરકાર તરફથી હાજર રહેવા એટર્ની જનરલને સૂચન કર્યું છે કે અદાલત આ વિવાદના મુદ્દે કૃષિ તજજ્ઞો અને ખેડૂત યુનિયનોના પ્રતિનિધિઓ સમાવતી એક તટસ્થ અને સ્વતંત્ર પેનલ રચવા વિચારી રહી છે. આ પેનલમાં પી. સાઈનાથ અને ભારતીય કિસાન યુનિયન તથા અન્ય ખેડૂત સંગઠનોના પ્રતિનિધિઓ હોઈ શકે. પેનલ એનો નિર્ણય આપે ત્યાં સુધી સરકાર કૃષિ કાયદાઓનો અમલ સ્થગિત કરે એ ઈચ્છનીય છે, જો કે અદાલતે એવો આદેશ નથી કર્યો, માત્ર સદ્ભાવપૂર્વક સૂચન કર્યું છે. વળી પેનલ એનો અભિપ્રાય આપે ત્યાં સુધી ખેડૂતોને અહિંસક આંદોલન ચાલુ રાખવાની પણ અદાલત છૂટ આપે છે. આ અવલોકનો પર સૂચનો બેઉ પક્ષોને માન્ય કરવા જોઈએ. પરંતુ સરકારની દલીલ એવી છે કે જો કૃષિ કાયદા હાલ પૂરતા સ્થગિત કરી દેવાશે તો ખેડૂત નેતાઓ મંત્રણાના ટેબલ પર આવવાનું જ ટાળશે. કૃષિ કાયદા સરકાર માટે ગળાની ફાંસ બની રહ્યા છે. એ કોઈ પણ સંજોગોમાં એમાં પીછેહઠ કરવા નથી માંગતી. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી માટે એ પ્રતિષ્ઠાનો પ્રશ્ન છે. તેઓ ખેડૂતોને વચેટિયાં તત્ત્વોથી આઝાદી અપાવવા કૃતસંકલ્પ છે. ખેડૂત એનું ઉત્પાદન તે ઈચ્છે તેને વેચી શકે એ એમની મૂળ ભાવના છે. પંજાબ-હરિયાણાના ખેડૂતોને આમાં કશુંરંધાઈ રહ્યું હોય એમ લાગે છે. ખેડૂતો કોર્પોરેટ કંપનીઓ સાથે કરાર કરીને એમની શરતે જીવે તે એમને મંજૂર નથી. સરકાર ખેડૂતોની દહેશત નિરસ્ત કરવા 'મિનિમમ સપોર્ટ પ્રાઈઝ' એટલે કે ટેકાના ભાવ મુદ્દે પણ કાયદો કરવા તૈયાર છે. પણ ખેડૂતોને એની નીયતમાં શંકા જ વરતાય છે. પરિણામે કૃષિમંત્રીથી લઈ ગૃહમંત્રી સુધીના મહાનુભાવો સાથેની મંત્રણા નિષ્ફળ રહી છે. ખેડૂત આંદોલનકારો ત્રણે કૃષિ સુધારા પરત ન ખેંચાય ત્યાં સુધી આંદોલન ચાલુ રાખવાની હઠ લઈ બેઠા છે. કૃષિ દેશની ધોરી નસ છે. સુપ્રીમ કોર્ટે પણ ખેડૂતોની કષ્ટભરી જીવનશૈલીથી વાકેફ છે અને એથી ભારતીય નાગરિકને મળતા આંદોલન કરવાના મૂળભૂત અધિકારનુંએ રક્ષાકવચ બની રહી છે. પરંતુ સાથે જ આંદોલનથી રાજધાની દિલ્હીમાં આવવા માગતા અને ત્યાંથી બહાર જવા માગતા અન્ય નાગરિકોનો સ્વતંત્ર અવરજવરનો અધિકાર છીનવાવો નહીં જોઈએ કે આંદોલન હિંસક વળાંક ન લઈ લે, એની પણ એને ચિંતા છે. દિલ્હીના નાગરિકોને અનાજ અને શાકભાજી કે દૂધ મહદંશે બોર્ડર બહારના હરિયાળાના ખેડૂતો પૂરું પાડે છે. સીમાઓ સીલ થઈ જતાં આ સપ્લાય અટકી શકે છે અને દિલ્હી માટે ભૂખમરાની સ્થિતિ સરજાઈ શકે છે. ખેડૂતોની તાકાતથી કેન્દ્ર સરકાર પણ સુપરિચિત છે. એથી એમને અટકાવવા બળપ્રયોગથી બચતી રહી છે. પરંતુ એટર્ની જનરલ કે. વેણુગોપાલની એ દલીલ પણ ધ્યાને લેવી જેવી છે કે લાખોની સંખ્યામાં બિનઆરોગ્યપ્રદ સ્થિતિમાં દિલ્હીની સીમા અવરોધતાં ખેડૂતોનાં ટોળાં ગામોમાં કોરોના ગાઈડલાઈન અનુસરી શકે જ નહીં. પરિણામે તેઓ પોતાનાં ગામોમાં કોરોના સંક્રમણ ફેલાવી શકે છે. ખેડૂત આંદોલનના ટેકામાં ધરણા પર બેઠેલા શીખોના એક ધાર્મિક નેતાએ સ્યુસાઈડ નોટ લખીને પોતાની જ રિવોલ્વરથી આત્મહત્યા કરી છે. એમણે મરતાં પહેલાં લખ્યું છે કે સરકાર જુલમ કરી રહી છે. ખેડૂતોની વાજબી વાત સ્વીકારતી નથી. જુલમ કરવા જેટલું જ જુલમ સહન કરવો એ પણ પાપ છે. લાખો અનુયાયી ધરાવતા આ બાબાના છેલ્લા શબ્દો ખેડૂતોમાં જોમ પ્રેરી શકે અને ખેડૂત આંદોલન કદાચ હિંસક વળાંક લઈ લે એવી સંભાવના નકારી શકાય એમ નથી. સરકારે સુપ્રીમ કોર્ટના સૂચનો આદર કરી હાલ પૂરતા કૃષિ કાયદાઓનો અમલ સ્થગિત કરી કોર્ટ દ્વારા રચાનાર સલાહકાર પેનલના અભિપ્રાય મુજબ વર્તવાની જરૂર છે. વિપક્ષો માટે તો આ એક રાજકીલ રોટલો શેકવાનું હથિયાર છે. ખરી દુર્દશા તો ખેડૂતોની અને દિલ્હીના આમ નાગરિકોની જ થવાની છે.

...હર તાકતવર અપને સે કમ કો માર કે જીતા હૈ

ચીંટી કો બિસ્તુઈયા ખાતા જાતા હૈ, બિસ્તુઈયા કો મેંઢક, મેંઢક કો સાપ નિગલ જાતા હૈ, નેવલા સાપ કો મારતા હૈ, ભેડિયા નેવલે કા ખૂન ચૂસ લેતા હૈ, શેર ભેડિયો કો ચબા જાતા હૈ, ઈધર હર તાકતવર અપને કે કમ કો માર કે જીતા હૈ

- અગ્નિભથ

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

૧૯૯૦માં મુકુલ આનંદ દિગ્દર્શિત આ ફિલ્મથી કોણ અજાણ હોઈ શકે? 'કલ્ટ ક્લાસિક' ગણાતી આ ફિલ્મે અભિતાભ બચ્ચનને 'નેશનલ એવોર્ડ' અપાવ્યો હતો. અમિતાભના પ્રયોગાત્મક અવાજમાં બોલાયેલ આ ડાયલોગ હમણાં જ જન્નતનશીન થઈ ગયેલાં મર્હૂમ કાદરખાને લખ્યો છે. પોલીસ કમિશનર ગાયતોન્ડેને જીવ જોખમમાં ન નાખવા સમજાવવા જતી વખતે અમિતાભના મુખે આ સંવાદ અને જીવનનું અમીટ સત્ય કહેવાયું છે.

આવું જ અમિટ સત્ય લગભગ ૧૦૦૦ વર્ષ પહેલાં ભારતીય ઈતિહાસ-લેખનમાં પ્રમાણિત થયેલ પહેલી પ્રામાણિક કૃતિ 'રાજતરંગિણી'માં કહેવાઈ ચૂકી છે. કવિ કલ્હણ દ્વારા રચિત આ કૃતિનો સમય ૧૧૪૭થી ૧૧૪૯ વચ્ચેનો મનાય છે.

તીર્થસ્થિતઃ સ્વકુલજાન્ તિમિરત્તિ ભુક્ક્તે - મૌની બકસ્તિમિમુપેત્ય વનાન્તવાસી ।
વ્યાધોનિહન્તિ તુ બંક પ્રભવન્તિ તે તે પાત્રાણ્યુપર્યુપરિ વગ્ચનચુગ્ચુતાયાઃ ॥

જલમાં રહેતી તિમિ (મત્સ્ય) પોતાના કુળવાઓને ખાઈ જાય છે, તિમિ (મત્સ્ય)ને જંગલનો શાણો બગલો આહાર બનાવી લે છે, શિકારી તે બગલાને હણી કાઢે છે. બધા એકબીજાથી વધારે છેતરપીંડીમાં - ઠગાઈમાં શૅર પર સવા શૅર બને છે. છે ને બાકી! કલ્હણથી કાદરખાન ... શૅર માથે સવાશૅર...

'રાજતરંગિણી' (રાજાઓની નદી) 'રાજાઓનો સમયપ્રવાહ' નામક આ ગ્રંથ કવિતા રુપે મળી આવે છે. મહાભારત કાળ પછીના સમયથી આ પુસ્તકમાં આલેખિત થયો છે. આ પુસ્તકના મત પ્રમાણે કાશ્મીરનું નામ 'કાશ્યપમેરુ' હતું, જે બ્રહ્માના પુત્ર મરીચીના પુત્ર હતા.

૧૯મી શતાબ્દીનાં ઉત્તરાર્ધમાં ઑરેલ સ્ટીન (Aurel Stein) એ પંડિત ગોવિંદ કૌલની સહાયથી રાજતરંગિણીનો અંગ્રેજી અનુવાદ કરાવ્યો હતો.

- jayuoza@gmail.com, Mo.9898046488

ઓનલાઈન કવિ સંમેલન કાર્યક્રમ 'કાવ્યના આકાશ નીચે' યોજાયો

'વૃત્તસંચય'

'સાહિત્ય' દ્વારા 'કાવ્ય સંગીત પર્વ' નિમિત્તે 'કવિતાની કંકોત્રી' કાર્યક્રમ અંતર્ગત, એક કવિ સંમેલન તા.૧૬-૧૨-૨૦૨૦ના રોજ સાંજે, રિધમ સ્ટુડિયો ખાતે યોજાઈ ગયું; જેમાં દિલીપ શ્રીમાળી, રમેશ ચૌહાણ, ઈંગિત મોદી, ઋષિ દવે, મહિપતસિંહ ચૌહાણ દ્વારા પોતાની રસદાર ઉત્કૃષ્ટ રચનાઓ રજૂ કરાઈ હતી,જે માણીને લોકો ભાવવિભોર બની ગયા હતા. કાર્યક્રમનું સંચાલન તેજસ દવે દ્વારા કરવામાં આવ્યું હતું

સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● શબ્દ આંચલ અને સત્ત્વ ઈન્વેન્ટ્સના સંયુક્ત ઉપક્રમે, 'કાવ્યના આકાશ નીચે' અંતર્ગત એક ઑનલાઈન કવિ સંમેલન, ૧૭મી ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ યોજાઈ ગયું, જેમાં કવિગણ સાગર શાહ, અનંત રાઠોડ, રાધિકા પટેલ, વિપુલ વ્યાસ અને બાબુ સુથાર દ્વારા પોતાની રસદાર રચનાઓ, શબ્દ આંચલના પ્રિયાશુ પટેલ અને સત્ત્વ ઈન્વેન્ટ્સના સાગર શાહની વિશેષ ઉપસ્થિતિમાં રજૂ કરવામાં આવી હતી. સંચાલન અને કાવ્યપાઠ રાજેશ વણકરે કર્યું હતું.

● ખંભોળજ સાહિત્ય સેવા સંસ્થા દ્વારા સને ૨૦૨૦ ના નાતાલ પર્વ નિમિત્તે, એક ઓનલાઈન કવિ સંમેલન તારીખ ૧૪મી ડિસેમ્બરે યોજાઈ ગયું; જેમાં પ્રાર્થના પ્રીતિ પરમાર 'પ્રીત' દ્વારા અને નાતાલ સંદેશ હિતેશ સુતરીયા દ્વારા આપવામાં આવ્યો. આવકાર પ્રવચન રેવ. ફાધર દ્વારા કરવામાં આવ્યું.આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ડૉ.ગુલાબચંદ પટેલ- અધ્યક્ષ મહાત્મા ગાંધી સાહિત્યસેવા મંચ તથા અતિથિવિશેષ તરીકે રાજેન્દ્ર ભટ્ટ,નિવૃત્ત શિક્ષક હાજર રહ્યા હતા.દિલ્હી,મુંબઈ અને ગુજરાતના ૬૧ કવિઓએ ભાગ લઈ, નાતાલ અને ભગવાન ઈશુ અંગેની પોતાની કાવ્ય રચનાઓ રજૂ કરી હતી.સંસ્થાના અધ્યક્ષ શૈલેષ વાણીયા 'શૈલ'એ પ્રાસંગિક પ્રવચન કર્યું હતું.

(M)9824236893, muljibhaidadhi@gmail.com

જ્ઞાનદેવ અને તુકારામના પગલે ચાલતા સાધક : વિનોબાજી

મહાત્મા ગાંધીની રણનીતિ તેમના દરેક કાર્યની જેમ વિચારપૂર્વકની તેમજ હેતુને પાર પાડનારી હતી. આ બાબતમાં અનેક પ્રયોગ આ મહાત્માએ કર્યા. આ રણનીતિના ભાગ તરીકે ગાંધીજીએ ૧૯૪૧માં વ્યક્તિગત સત્યાગ્રહ શરુ કરવાનો સંકલ્પ જાહેર કર્યો. એક એક ચુનંદા સત્યાગ્રહીને તૈયાર કરવાની તેમજ આ સત્યાગ્રહીના માધ્યમથી વિદેશી સરકાર સામે મુકિતની મશાલ ધરવાની બાપુની આ નવી રણનીતિ હતી. દેશના અનેક લોકોના મનમાં એ જાણવાની ઉત્કંઠા હતી કે બાપુ પહેલા સત્યાગ્રહી તરીકે કોની પસંદગી કરશે? કોણ એવો સદભાગી હશે જેના નામ પર ગાંધીજી મંજૂરીની મહોર મારશે ? ગાંધીયુગના એ કાળના દિગ્ગજ નેતાઓના સમૂહમાંથી કોઇ એકની પસંદગી પ્રથમ સત્યાગ્રહી તરીકે કરવાની હતી. તેથી તે બાબત તરફ લોકોનું વિશેષ ધ્યાન કેન્દ્રિત થયું હતું. અંતે બાપુની પસંદગીનો કળશ વિનોબાજી પર ઢળ્યો. વિનોબાજી સેવાગ્રામમાં બાપુ સમક્ષ હાજર થયા. બાપુએ પ્રથમ સત્યાગ્રહીની જવાબદારી સ્વીકારવા વિનોબાને જણાવ્યું. વિનોબાની આ કામ માટે અનુકૂળતા તથા સંમતિ જાણવા બાપુએ પ્રયાસ કર્યો. વિનોબાજી કહેઃ 'આપનો હુકમ તથા યમરાજનો હુકમ પાછા કયાં ઠેલી શકાય છે?' અને વિનોબાજી દેશના પ્રથમ સત્યાગ્રહી તરીકે અસાધારણ આત્મબળથી ઝળહળી ઊઠયાં. ૨૦૨૦ નું વિદાય લઈ રહેલું વર્ષ એ વિનોબાજીની સવાસોમી જન્મજયંતીનું ઐતિહાસિક વર્ષ છે. (૧૮૯૫ થી ૨૦૨૦) આથી આ સમયે વિનોબાજીની વિશેષ સ્મૃતિ થવી સ્વાભાવિક છે. પંચવર્ષીય યોજનાઓની વિગતો તૈયાર કર્યા બાદ યોજનાઓના સમગ્ર સરકારી આયોજનની વિગતો વિનોબાજીને સમજાવવામાં આવી. વિનોબાજીને તેનાથી સંતોષ થયો નહિ. સંપત્તિ વધશે પરંતુ તેની વહેંચણીની ન્યાયી વ્યવસ્થાનો અભાવ હશે તો સંપત્તિનું કેન્દ્રીકરણ થશે. ગરીબો– અમીરો વચ્ચેની ખાઇ વિસ્તરતી રહેશે. આ બધી બાબતો તરફ વિનોબાજીનું ધ્યાન ગયું. તેમણે તે બાબત ચેતવણીના સૂર સ્પષ્ટ રીતે છેડ્યા. આજે પરિણામ આપણી નજર સામે છે. સત્તાના – સંપત્તિના કેન્દ્રીકરણની માઠી અસરો જગતની અનેક પ્રજાઓ નિઃસહાય બનીને ભોગવી રહી છે.

વિનોબાજીના બાપુ સાથેના મિલનની પૂર્વભૂમિકા પણ જાણવામાં રસ પડે તેવી છે. બનારસ હિન્દુ યુનિવર્સિટીના શિલાન્યાસ (૧૯૧૬) સમયનું ગાંધીજીનું તે કાળનું બહુચર્ચિત વક્તવ્ય વાંચીને વિનાયક નરહરી ભાવે નામનો એકવીસ વર્ષનો તરૂણ કાશીથી હિમાલય તરફ જવાનો નિર્ણય બદલીને સાબરમતીના કિનારે આફ્રિકાથી પરત આવેલા ગાંધીભાઇને મળવા અમદાવાદ પહોંચી ગયો. બનારસના એ ગાંધીજીના પ્રવચનમાં મોટા મોટા અંગ્રેજ અમલદારો તથા રતનમણિમંડિત રાજાઓની નબળાઇઓ તેમને મોઢામોઢ સંપૂર્ણ નિર્ભયતાથી અને છતાં કડવાશના ભાવ સિવાય કહેનાર આ વીરમાં વિનોબાજીને જૂદી માટીના માનવીના દર્શન થયાં. ગાંધીજીને મળ્યા અને ગાંધી વિચારના આજીવન જ્યોતિર્ધર બની રહ્યા. ગાંધીજીએ પણ આ વિશિષ્ટ અનુયાઇનું તેજ પારખી તેમને 'જ્ઞાનદેવ અને તુકારામના પગલે ચાલતા સાધક' તરીકે ઓળખાવ્યા. વિનોબાજીના પિતાને પત્ર લખીને ગાંધીજીએ જણાવ્યું. "તમારો પુત્ર મારી પાસે છે. આટલી નાની ઉંમરમાં જ વિનોબાએ જે તેજસ્વિતા અને વૈરાગ્ય કેળવ્યા છે તે કેળવતા મને વર્ષો લાગ્યા હતા." સ્વયં બાપુના મનમાં આવું સ્થાન પ્રાપ્ત કરનાર વિનોબાજી-વિનાયકનો જન્મ ૧૧મી સપ્ટેંબર-૧૮૯૫ના દિવસે મહારાષ્ટ્રમાં થયો હતો. ગાંધી વિચારની ગંગોત્રીને ભૂમિ પર ઉતારવાનો સંકલ્પયોગ હૈયે કોતરીને જીવનભર કર્મશીલ રહેનાર વિનોબાજીની વિશેષ સ્મૃતિ તેમની સવાસોમી જન્મજયંતીના અવસરે થાય છે. વિનોબાજીને ગાંધીના આધ્યાત્મિક વારસ તરીકે ઓળખીએ તો તે સંપૂર્ણ રીતે ઉચિત છે.

વિનોબાજીના અનેક અવિસ્મરણિય કાર્યોમાં તેમના ભગવદ્ ગીતા પરના પ્રવચનો અગ્રસ્થાને છે. ગાંધીજી તેમજ તીલક મહારાજના ગીતા પરના વિચારો જેમ વિનોબાજીનું ચિંતન મૌલિક છે. ભૂદાનયાત્રા દરમિયાન તેમણે નિયમિત પ્રવચનો કર્યા. જેનું દસ્તાવેજીકરણ વીસથી વધારે ગ્રંથોમાં થયું છે. અંગ્રેજ સત્તાધિશો સામેની આરપરની લડાઇમાં સત્યાગ્રહીઓ માટે જેલ નિવાસ તેમજ ક્રાંતિકારીઓ માટે ફાંસીના માંચડા કે આજીવન કેદની સજા એ નવાઇની વાત રહી ન હતી. વિનોબાજી આ પ્રક્રિયાના જ એક ભાગ તરીકે ધુળિયા જેલમાં

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

૧૯૩૨માં હતા ત્યારે ગીતાના દરેક ભાગને આવરી લઇને જેલના સાથીઓ સમક્ષ પ્રવચનો કર્યા. સાને ગુરુજીએ આ પ્રવચનો લિપિબદ્ધ કર્યા. ભગવદ્ ગીતાનું મૌલિક વિચાર વિવરણ વિનોબાજીએ કુશળતાપૂર્વક કર્યુ. વર્ષો પહેલાં બાળપણમાં પોતાની માતાને આપેલા વચનને પણ વિનોબાજીએ પાળી બતાવ્યું. વિનોબાજી નાના હતા ત્યારે તેમના બા રોજ કથા સાંભળવા જતાં. એકવાર સંસ્કારમૂર્તિ સમાન માતાએ પુત્રને કહયું કે ગીતા સંસ્કૃતમાં છે તેથી તે સમજવામાં સંસ્કૃતની જાણકારી ન હોય તેને તકલીફ પડે છે. આથી માતાએ પ્રતાપી પુત્રની શક્તિને પરખીને જણાવ્યુંઃ "તું જ કેમ ગીતાનો અનુવાદ નથી કરતો ? તું આ કામ કરી શકે તેમ છે." માતાની ચિર વિદાય પછી એક દસકા બાદ વિનોબાજીએ માતાના આગ્રહને હૈયે ધરીને ગીતાઈની રચના કરી. ગીતાઇ એટલે શ્રીમદ્ ભગવદ્ ગીતાનો સમશ્લોકી મરાઠી અનુવાદ. નામ પણ સુંદર તથા અર્થપૂર્ણ આપ્યું. ગીતા = ગીતા આઈ. માને મરાઠીમાં આઈ કહે છે. આપણે ત્યાં પણ માતા માટે 'આઈ' શબ્દ જાણીતો બન્યો છે. વિનોબાજી લખે છે કે મા શબ્દના બધા ભાવ તેમને ગીતામાં જોવા મળેલા છે. માતાના પુણ્ય સ્મરણમાં ગીતા માતાનું ગાન એ વિનોબાજીની સમાજને મળેલી અમૂલ્ય ભેટ છે. વિનોબાજીએ મરાઠીમાં લખેલા સુંદર શબ્દોનો ગુજરાતી અનુવાદ પણ વાંચવો- સાંભળવો ગમે તેવો છે.

ગીતાઈ મારી મા
તેનો હું બાળ અબોધ
પડું છું, રડું છું ઊંચકીને તે
ખોળામાં લઈ લે છે.

ભગવદ્ ગીતાની જેમ વેદ-ઉપનિષદો તથા કુરાને શરીફનુ અધ્યયન પણ વિનોબાજીએ ઊંડાણથી કર્યું. વિનોબજીનું જીવન એ અસાધારણ બુદ્ધિપ્રતિભા તથા સાતત્યપૂર્ણ અધ્યયનશીલતાનુ ઉજળું તથા પ્રેરણાદાયક ઉદાહરણ છે.

જો સમાજનો અભ્યાસ કરવો હોય તો મહાત્મા ગાંધી ઉત્તમ સ્ત્રોત

સમાજશાસ્ત્ર વિશેનું ચિંતન છે વિશ્વભરમાં ચાલી રહ્યું છે ધર્મ-સંપ્રદાય વર્ગ વગેરેની ચર્ચા અને સંશોધન વૈશ્વિક છે. આમ નાગરિક થી માંડીને રાજકીય નેતાઓ, પત્રકારો, સમાજસેવકો, ધર્મગુરુઓ પણ સમાજ વિજ્ઞાન ની જેમ સમાજ નું વિશ્લેષણ કરતા રહ્યા છે અને કરતા રહે છે. વૈજ્ઞાનિક દ્રષ્ટિ એ તપાસવાનો ઉપક્રમ છેલ્લાં ૧૫૦ વર્ષમાં સમાજશાસ્ત્ર વિષય આજે વિશ્વની વિવિધ યુનિવર્સિટીમાં એ ભણાવાય છે. સંશોધનો થાય છે. પરંતુ આજે હવે એક એવી અનિવાર્યતા સામે આવી છે કે સમાજશાસ્ત્રીય વધુ મજબૂત અને પ્રભાવિત થવા માટે વિશ્વભરના સામાજીક ઈંટોનું તુલનાત્મક રીતે તપાસવી જોઈએ ગૌતમ બુદ્ધ પછી દુનિયાભરમાં કોઈ એક વિચાર વાતો વ્યાપક રીતે મિત્રો હોય તો એ છે ગાંધીવિચાર. ગાંધી પોતે કોઈ સમાજશાસ્ત્ર વિષય બન્યા ન હતા એ સમાજશાસ્ત્રનું અધ્યાપન પણ કર્યું નહોતું. તેઓ તો કાયદાના વિદ્યાર્થી હતા પણ તેમનું જીવન સમાજના જીવન સામાન્ય સાથે ઓતપ્રોત રહ્યુ હતું. પરિણામે તેઓના ચિંતનમાં જનસામાન્ય કેન્દ્રમાં રહે એટલું જ નહીં આ જનસામાન્યના જીવનમાં મૂળભૂત પરિવર્તન લાવવાના રચનાત્મક કાર્યક્રમો પણ તેમણે આદર્યા હતા. વર્તમાન સમયમાં જેને એક્શન સોશિયોલોજી તરીકે ઓળખવામાં આવે છે એના મૂળિયાં તો મો.ક. ગાંધીએ નાખ્યા હતા એમ કહેવામાં

અતિશયોક્તિ નથી. સ્વાતંત્ર આંદોલનની સમાંતર પ્રાચીન દેશમાં જ્ઞાતિ ધર્મ મહિલાઓ-બાળકો લગ્ન અર્થ જીવન વગેરે જેવા અનેક પાસાઓ જે સમાજશાસ્ત્રનો વિષયવસ્તુ છે તેમાં ગાંધીએ ખૂબ વૈવિધ્યતા સભર અને સાતત્યપૂર્ણ રીતે સતત લખ્યું છે. આ લખાણ અને કદાચ સમાજશાસ્ત્રીય લખાણો તરીકે કોઈ ન સ્વીકારે પણ એમાં સામાજિક ચિંતન તો ખરું જ એવું ચોક્કસ સ્વીકારે. ગાંધીજીના અક્ષરદેહમાંથી વધારે ભાગ-ગ્રંથોમાં ગાંધીએ જે લખ્યું છે એ કોઈપણ સમાજશાસ્ત્ર ના વિદ્યાર્થી કે અધ્યાપક માટે બહુ જ મોટું ભાથું છે. જેવી રીતે બાબા સાહેબ આંબેડકર નું ચિંતન સામાજિક અને આર્થિક મુદ્દાઓની સાથે પદ દલિતો કેન્દ્રમાં છે એટલે આપણે આંબેડકરના વિચારોને જેમ આપણે subaltern અભ્યાસોમાં સમાવ્યા છે એ દષ્ટિએ ગાંધી પણ subaltern studies નું કેન્દ્ર બની શકે અને બનવું જોઈએ.

આજે જ્યારે આપણે સમાજશાસ્ત્રના પાઠ્યપુસ્તકોમાં ભૂમિકા દરજ્જો સહકાર બનાવ્યા છે ત્યારે તેમાં અપાતા ઉદાહરણ જો ગાંધીના જીવન સાથે જોડાયેલા હોય તો એ વિદ્યાર્થીને તરત સમજાઈ જાય એમ છે ઉદાહરણ તરીકે જોઈએ તો સ્ત્રીઓના દરજ્જાની વાત કરવાની હોય કે માણસની ભૂમિકા કેવી હોવી જોઈએ એની ચર્ચામાં 'વૈષ્ણવજન' યાદ આવે છે. એવી જ રીતે જો આપણે ૧૯મી સદીના અંત અને ૨૦મી સદીના શરૂઆતના દાયકાઓના ગુજરાત અને ભારત ને ભણવું હોય તો ગાંધી ચિંતન અને વિચાર સમાજશાસ્ત્રના અભ્યાસક્રમનો હિસ્સો બને જ બને. સમાજશાસ્ત્રના વિવિધ અભ્યાસક્રમોમાં ગાંધી પ્રવેશ કરીએ તો ઈતિહાસ સાથે વર્તમાન અને ભવિષ્યને પણ સાંકળી શકાય છે વિશ્વ શાંતિની ચર્ચામાં અહિંસા કેન્દ્રમાં હોય તો એક એક બાજુ નેલ્સન મંડેલા, માર્ટિન લ્યુથર કિંગ, સિસીલીના ગાંધી દાનીલો દોલચીથી બરાક ઓબામા સુધી ગાંધીપ્રભાવ છે. આ પ્રભાવ સમાજશાસ્ત્રના અભ્યાસોમાં અને ચર્ચાઓમાં આપણે ઉમેરીએ કરતા ગાંધીની ટીકા-ટિપ્પણ કરીએ તેમ છતાં વાદવિવાદ સંવાદ નો તર્ક સુપેરે આપી શકાય.

ગાંધીના લખાણો કોઈ કલ્પના નથી બિહારમાં જાય, નોઆખાલી જાય પંજાબ જાય કે જાય દક્ષિણ ભારતમાં કે મુંબઈમાં ફરે ગાંધીજીએ દર્શન આપે છે અને ગાંધી એનું અર્થઘટન સાથે પોતાની વાત મૂકે છે એ માત્ર વર્ણન નથી. સમાજનું વિશ્લેષણ છે સામાજિક અર્થઘટન ઈતિહાસ અને વર્તમાન સાથેના વિશ્લેષણ સાથે નું છે આ સંદર્ભમાં ગાંધીને સમાજશાસ્ત્રી અથવા તો સામાજિક ચોક્કસ કહી શકાય.

સમાજશાસ્ત્રી એટલે સમાજ વિશે લખતો હોવો જોઈએ. ગાંધી એ શું લખ્યું? આપણે વિચાર કરીએ તો જવાબ એક જ લીટીમાં આવી શકે ગાંધીજીએ શું માટે નથી લખ્યું? ગાંધી એટલું બધું લખ્યું છે ગાંધીએ મુખ્યપ્રવાહના શિક્ષણ ની અંદર વિદ્યાર્થીઓ સાથે પણ જોડાણ કર્યું છે અને તેમની સાથેના સંવાદો શિક્ષણ માં જોડવા માટેના ઉમદા વિચારો પણ આપ્યા છે અને જ્યારે જ્યારે કેળવણી ની વાત થાય ત્યારે ગાંધીએ તેમના પ્રયોગોને સમાજ જીવનમાં ચકાસવાનું પણ કામ કર્યુ. મહાત્મા ગાંધી ની આત્મકથા ને જ આપણે જો કેન્દ્રમાં રાખી એ તો એક પુસ્તકમાં એ સમયથી સમાજ વ્યવસ્થાને સમજાવવાનો તેમણે પ્રયાસ કર્યો છે ગાંધીજી ની આત્મકથા ભારતીય સમાજને તો સમજાવવા માટે મદદરૂપ બને છે પરંતુ તેમણે તો દક્ષિણ આફ્રિકાના સમાજજીવનનું પણ



ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

સરળતાથી સમજી શકાય એવું ચિત્રણ કર્યું છે. ડાયસ્પોરિક સમાજશાસ્ત્રીય અભ્યાસ અને તેના વિશ્લેષણ ની શરૂઆત જ ગાંધી એ કરી છે એમ આપણે કહી શકીએ. પાસે ત્રણેય ભાષાનું પ્રભુત્વ હતું. હિન્દી અંગ્રેજી અને ગુજરાતી ભાષાનું તેમનું જ્ઞાન તેમના સમાજશાસ્ત્રી તરીકેની કુશળતા માં વધારો કરનાર રહયુ. તેમની પાસે કાયદા વિદ્યાશાખાના વિદ્યાર્થી તરીકેની પૃષ્ટભૂમિ હતી તો સાથે સાથે દિવાન ના દિકરા સાથે નુ સમાજીકરણ પણ હતું એટલે સામાજિક આંદોલનને વેગ આપવા માટે વાચા આપવા માટે એમણે ખૂબ સરસ મજાનું કામ કર્યું છે.

સમાજશાસ્ત્ર માં આપણે લગ્ન, ધર્મ, કુટુંબ અને જ્ઞાતિ એ ચાર મહત્વની જ્ઞાતિ સંસ્થાઓની વિગતો વર્ગખંડમાં ભણાવીએ છીએ. ગાંધીએ એ જમાનામાં આ ચારે મહત્વની સામાજિક સંસ્થાઓની શું સ્થિતિ હતી એની વિગતો લખી છે. ચારેય સામાજિક સંસ્થાઓની ગુજરાતમાં કેવી સ્થિતિ હતી પણ આપ્યો છે. આપણે જ્યારે સામાજિક ઈતિહાસ ભણાવવાની વાત કરતા હોઈએ તો ૧૮મી અને ૧૯મી સદીથી માંડીને આઝાદી સુધી ગાંધી સિવાય કોઈ વ્યક્તિત્વ સામાજિક ઈતિહાસ સમજાવી ન શકે એવી સ્થિતિ છે. અને ગાંધીએ જે સમજાયું છે તે બધું જ લખાયેલું છે, દસ્તાવેજીકરણ થયું છે ગાંધીએ લગ્ન હોય કે બાળ લગ્ન હિન્દુ ધર્મના ધાર્મિક નિયમો અને સામાજિક નીતિ નિયમોને આધારે સામાજિક વાસ્તવિકતાનું નિરૂપણ કરેલું છે. અત્યાર નું સમાજશાસ્ત્ર મૂલ્ય યુક્ત હોવું જોઈએ એવી જ્યારે આપણે ચિંતા સેવતા હોઈએ ત્યારે ગાંધીએ મૂલ્યયુક્ત લખાણોની ભેટ ધરી છે. ગાંધી એ રીતે એક્શન સોશિયોલોજિસ્ટ છે. પણ મુદ્દા બાબતે પોતાનો મત સ્પષ્ટ રીતે વ્યક્ત કરતા હતા. જો સમાજનો અભ્યાસ કરવો હોય અથવા તો સારા સમાજશાસ્ત્રી બનવું હોય તો ગાંધી ઉત્તમ સ્ત્રોત છે. ગાંધી દુનિયાભરમાં ફર્યા, હિન્દુસ્તાનમાં પણ ફર્યા એટલે તેમણે એક સમાજ વિજ્ઞાની જે મુક્તતાથી, પૂર્વગ્રહ રહિત માહિતી મેળવે, ચકાસે અને પછી રજુ કરે તેવી જ રીતે તેમણે કામ કર્યું છે. તેમનું સમાજશાસ્ત્ર અને તેની સમજણ તેમણે ચાર દીવાલોમાં જ રાખી નહીં પરંતુ સમાજને સમજવામાં અને સમજાવવામાં કામે લગાડ્યું હતું તેમણે કિસાનો મહિલાઓ યુવાનો અનુસૂચિત જાતિ અનુસૂચિત જનજાતિ વગેરે તમામ વર્ગનું પ્રતિનિધિત્વ જવલ્લેજ જોવા મળતું હતું તેમને પણ પોતાના અભ્યાસમાં સમાવ્યા હતા. તેથી તો ટાઈમ્સ જેવું અમેરિકાનું પ્રતિષ્ઠિત મેગેઝીન પણ છેલ્લા એક હજાર વર્ષના શ્રેષ્ઠ મહામાનવ તરીકે મહાત્મા ગાંધીને રજૂ કરે છે.